

પંચ-પરાવર્તનથી છૂટવા માટે, પંચમગતિની પ્રાપ્તિ માટે, જ્ઞાનીઓ પંચમભાવનું—પારિણામિકભાવનું નિરંતર સ્મરણ કરે છે—એમ નિયમસારમાં કહ્યું; કેમકે પંચમભાવ તે નિજભાવ હોવાથી તેના આશ્રયે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તે જ સાચું સુપ્રભાત છે. માટે પંચમભાવનું નિરંતર સ્મરણ કરવું.

—મંગલ સુપ્રભાતની બોણી; કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી


કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૯૭] * આત્મધર્મ * [ અંક-૫ વર્ષ-૫૮ ] વીર સં. ૨૫૨૭ નવેમ્બર-૨૦૦૧

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ (કલ્યાણમય) છે, સ્પષ્ટ–સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે, તેને અમે નમીએ છીએ. ૭૧૦.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૭૭)*

❀ આત્મા ધ્યાનગમ્ય હી હૈ, શાસ્ત્રગમ્ય નહીં હૈ, ક્યોંકિ જિનકો શાસ્ત્ર સુનનેસે ધ્યાનકી સિદ્ધિ હો જાવે, વે હી આત્માકા અનુભવ કર સકતે હૈં. જિન્હોંને પાયા, ઉન્હોંને ધ્યાનસે હી પાયા હૈ, ઔર શાસ્ત્ર સુનના તો ધ્યાનકા ઉપાય હૈ, ઐસા સમજકર અનાદિ અનંત ચિદ્રૂપમેં અપના પરિણામ લગાઓ. ૭૧૧.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૨૩)*

❀ આત્મજ્ઞાનરૂપી અંકુરકા ઐસા સ્વભાવ હૈ કિ ઉસકે પ્રતાપસે અવિનાશી જ્ઞાનકા ભેદવિજ્ઞાનકે કારણ અનુભવ હોતા હૈ, સ્પષ્ટ નિર્મલ આત્માકા સ્વભાવ દિખ–જાતા હૈ તથા પરમાત્માકા નિર્મલ કેવલજ્ઞાન પૈદા હો જાતા હૈ. ૭૧૨.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૪૦)*

❀ અવિદ્યા જડ નાની શક્તિથી તારી મહાન શક્તિ ન હણાઈ જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી; તારી ચિંતવણી તારે ગળે પડી અને તેથી પરને દેખી આત્મા ભૂલ્યો, એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે; તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વ ન જોડે તો જડનું તો કાંઈ જોર નથી; તેથી અપરંપાર શક્તિ તારી છે. પરની ભાવના કરી ભવ કરી રહ્યો છો. ૭૧૩.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૩૭)*

❀ સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે. માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (–માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ. ૭૧૪.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૩૭૨)*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૮
અંક-૫
[૬૯૭]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
Nov.
A.D. 2001




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દીપાવલી અને મંગળ સુપ્રભાતે

## ગુરુ-આજ્ઞા : પરમાનંદસ્વરૂપ પરમાત્માને જાણ !

મહાવીર ભગવાનને તેરમે ગુણસ્થાને પૂર્ણ આનંદ હતો પણ આજના દિને અવ્યાબાધ આનંદ પ્રાપ્ત થયો. તેમણે પોતાની પર્યાયમાં અવ્યાબાધ આનંદ પ્રગટ કર્યો. અનાદિની સંસારદશા હતી તેનો ત્યાં અંત આવ્યો અને અનંતકાળ રહેવાની છે એવી સિદ્ધની પર્યાય ભગવાન મહાવીરને આજના દિવસે પ્રગટ થઈ.

સમ્યગ્દર્શન એ સુપ્રભાત છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિને સુપ્રભાત કહ્યું છે. અતીન્દ્રિય આનંદના ધ્રુવ પ્રવાહને રાગ રહિત અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક જાણવો તે ખરું સુપ્રભાત છે.

*(દીપાવલી તથા નૂતનવર્ષના દિને શ્રી પરમાત્મપ્રકાશના પ્રવચનમાંથી)*

મહાવીર ભગવાનને આજે ચૌદમે ગુણસ્થાને મોક્ષમાર્ગની પર્યાયની પૂર્ણતા થઈ, મોક્ષમાર્ગનો વ્યય થયો ને મોક્ષનો ઉત્પાદ થયો. ખરેખર તો મોક્ષના ઉત્પાદનો જન્મક્ષણ હતો. જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હોય છે તેમાં કુંભાર નિમિત્ત હોય છે, તેમ મહાવીર ભગવાને પૂર્ણ પર્યાય પ્રગટ કરી તેમાં કાળ આદિ નિમિત્ત હતા.

ખરેખર તો મોક્ષની પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, કેમ કે દ્રવ્ય-ગુણમાં વિકાર નથી છતાં પર્યાયમાં

વિકાર થાય છે તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારકથી થાય છે, તેને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યાં ત્યારે મોક્ષ-પર્યાયનો ઉત્પત્તિનો કાળ હતો, તેને મોક્ષમાર્ગને લઈને થઇ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમ કે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય ? ઉત્પાદનું કારણ ઉત્પાદ પોતે છે.

ભગવાનને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ સ્વરૂપ સુપ્રભાત પ્રગટે છે. અને સમ્યગ્દર્શન એ પણ સુપ્રભાત છે. ચૈતન્યનો પ્રકાશ પ્રગટે તે ચૈતન્યસુપ્રભાત છે. સૂર્યનો પ્રકાશ પ્રગટે—સૂર્યોદય થાય તે પ્રકાશ તો અચેતન છે. ચંદ્ર-સૂર્ય આદિનો પ્રકાશ અજ્ઞાન સ્વરૂપ છે, તેમાં જ્ઞાન નથી. ભગવાનને ભામંડળ હોય છે તેના પ્રકાશ આગળ ચંદ્ર-સૂર્યના પ્રકાશ કાંઈ નથી. ભામંડળનો તે પ્રકાશ પણ અજ્ઞાન છે, માટે અંધકાર છે. રાગ છે તે પણ અંધકાર છે, તેમાં આત્માનું કિરણ નથી. તેનાથી ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. આત્મા જ્ઞાનપ્રકાશમય છે. જ્ઞાનપ્રકાશમય આત્મા રાગ-અંધકારથી નહીં દેખાય, તેને જ્ઞાનપ્રકાશથી જો તો દેખાશે.

હવે અહીં (પરમાત્મપ્રકાશની બીજા અધિકારની ૧૮મી ગાથામાં) પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય સમજાવતાં કહે છે કે ભગવાન આત્મા અમૂર્તિક છે, સ્પર્શાદિથી રહિત વસ્તુ છે, લોકાલોકને જાણવાની શક્તિવાળું આત્મતત્ત્વ છે. લોકાલોકને કરે તેવું નથી પણ લોકાલોકને જાણે તેવી કેવળજ્ઞાન શક્તિ આત્મામાં છે. લોકાલોકને જાણે એવું જ્ઞાનરત્ન, એવા એવા અનંતા ગુણના રત્નોનો ભંડાર આત્મા છે પણ અજ્ઞાની શરીર ને બાહ્ય પદાર્થના મહિમામાં રોકાઈ જાય છે, પુણ્ય-પાપમાં રોકાઈ જાય છે. બહુ તો ૧૧ અંગનું જ્ઞાન થાય તો તેમાં રોકાઈ જાય—તેના ઉઘાડમાં અટવાઈ જાય છે પણ જ્ઞાનસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ, તેની તેને ખબર નથી.

કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે તેમાં લોકાલોકને જાણવાની તાકાત છે. એવા તો અનંતા લોકાલોકને જાણી શકે એટલી અપાર શક્તિ એક સમયની પર્યાયમાં છે. એવી અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે, એવો જ્ઞાનમય પરમાત્મા છે—એમ નજરમાં તો લે !

અનંત રત્નોનો ભંડાર આત્મા છે. પ્રભુ ! આવા અનંત રત્નોનું જીવન તે તું છો, પણ તેના અનાદર વડે તેં તારું જીવન રોળી નાખ્યું છે. પર્યાયને પરમાં વાળી છે તેને એકવાર અંદરમાં વાળ. તારી પર્યાયે પરની કિંમત કરી છે તો એકવાર તારી પર્યાયમાં તારી કિંમત તો કર !

તારો સ્વભાવ પરમાનંદ સ્વરૂપ જ છે, ધ્રુવ સત્ છે પણ રાગના પ્રેમમાં પરમાનંદ સ્વરૂપને ઠોકર લાગે છે. દયા-દાનના રાગની કિંમત કરતાં ચૈતન્યને ઠોકર લાગે છે, માટે રાગની કિંમત છોડીને ચૈતન્યની કિંમત કર, હવે એકવાર તારી આ ચીજનો આદર કર. ૧૧ અંગનું જ્ઞાન થાય તે પણ તારી વસ્તુ નથી તો બહારની કઈ ચીજ તારી હોય ? તારી પર્યાયમાં તેં પરની કિંમત કરી પણ પર્યાય જેની છે તેની કિંમત તેં કરી નથી.

વીતરાગી પરમાનંદ એકરૂપ સ્વભાવ છે પણ શુભભાવમાં તું વળ્યો, તેનાથી કાંઈ દિ' વળ્યો નહીં અને જેમાં વળવાનું છે ત્યાં વળ્યો નહીં. ભગવાન આત્મા વીતરાગી પરમાનંદ એકરૂપ અતીન્દ્રિયસુખસ્વરૂપ અમૃતરસને વીતરાગભાવથી પરિણત થઈને જાણ.

અમૃતના આનંદના સ્વાદ વડે પરમાનંદને જાણે તેને અતીન્દ્રિય આનંદમય આત્મા જણાય છે. કઈ રીતે જાણવો ?—કે વીતરાગી અમૃતના આસ્વાદ વડે જાણવો. માત્ર ક્ષયોપશમ વડે જાણ્યું તે જાણ્યું નથી, તેને તો માત્ર વાત જાણવામાં આવી છે, અનુભવમાં આવી નથી. વ્યવહારથી જણાય છે તેમ ન કહ્યું, જ્ઞાનના ઉઘાડથી–ધારણાથી જણાય છે તેમ ન કહ્યું પણ આસ્વાદ વડે જાણ તેમ કહ્યું છે. પરમાનંદ સ્વરૂપની સન્મુખ થઈને વીતરાગી અમૃતાનંદના સ્વાદ વડે જાણ, વીતરાગી પરિણતિ દ્વારા જાણ.

જ્ઞાનમય વસ્તુને સમ્યગ્જ્ઞાનના પરિણામ વડે જાણ. અતીન્દ્રિય આનંદમય વસ્તુને સુખના સ્વાદથી જાણ. વીતરાગી વસ્તુને વીતરાગી સમરસી પરિણતિથી જાણ. ભગવાન જ્ઞાનમય છે તે જણાય શી રીતે?—કે સમ્યગ્જ્ઞાનની પરિણતિ વડે; ભગવાન પરમાનંદ સ્વરૂપ છે તે જણાય શી રીતે?—કે આનંદના આસ્વાદ વડે; ભગવાન વીતરાગ સ્વરૂપ છે તે જણાય કઈ રીતે?—કે વીતરાગી સમરસી ભાવ વડે.

ભગવાન આત્મા જ્ઞાનમય છે, કેવળ જ્ઞાનમય એટલે કે એકલા જ્ઞાનમય છે, ત્રિકાળી જ્ઞાનમય છે. તે કેવળજ્ઞાનથી પૂર્ણ છે. લોકાલોકને જાણે એવો જ એનો સ્વભાવ છે. વર્તમાનમાં પર્યાયમાં કેવળજ્ઞાન નથી તેની અહીં વાત નથી. લોકાલોકને જાણે ને આગળ-પાછળની પર્યાયને ન જાણે એમ ન બને, ત્રણેકાળનું બધું જ જાણે એવો જ એનો સ્વભાવ છે. જે ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી તેનું કેવળજ્ઞાનમાં જ્ઞાન આવે છે. જેમ લોટના પિંડમાંથી રોટલી થશે તે આગળથી જાણી શકાય છે, રોટલી નથી છતાં જાણી શકાય છે, તેમ ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી છતાં કેવળજ્ઞાનમાં જાણી શકાય એવી કેવળજ્ઞાનની શક્તિ છે અને એવો જ્ઞાનમય આત્મા છે તેને જાણ. લોકાલોકને જાણવાના સ્વભાવરૂપ જ્ઞાનમય આત્માને જાણ.

યોગીન્દ્રદેવ પ્રચુર આનંદની ભૂમિકામાં બેઠેલા છે તે એમ કહે છે કે હે મુનિ ! મૂર્તપણા રહિત જ્ઞાનમય પરમાનંદરૂપ આત્માને જાણ. કેવી રીતે જાણવો?—કે પરમાનંદરૂપ પરિણમનથી જાણવો. વસ્તુ વીતરાગ સ્વરૂપ છે તેને વીતરાગ ભાવથી જાણ, વીતરાગ ભાવની પરિણતિ દ્વારા તેને જાણ. વીતરાગ ભાવરૂપી પરિણમનથી વીતરાગભાવને જાણ. પરમાનંદ સ્વરૂપી પરિણમનથી પરમાનંદ ભાવને જાણ. વસ્તુની આ સ્થિતિ છે.

પરિપૂર્ણ વસ્તુ છે તે સમ્યગ્દર્શનની પ્રતીતિમાં આવી શ્રદ્ધાય છે. રાગથી રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પરિણતિમાં પરિપૂર્ણ આત્મા શ્રદ્ધાય છે. વીતરાગ પરિણતિ દ્વારા વીતરાગ સ્વરૂપને જાણ. પરમાનંદ સ્વરૂપને પરમાનંદની પરિણતિ દ્વારા આનંદના સ્વાદ દ્વારા જાણ. વસ્તુ ત્રિકાળી એકરૂપ છે તેને એકરૂપ પરિણતિ દ્વારા જાણ. એકરૂપ વસ્તુ અનેકપણાથી—ભેદથી નહીં જણાય. પરમાનંદ જ્ઞાનમય મૂર્ત એકરૂપ વસ્તુને વીતરાગ પરિણતિ દ્વારા, આનંદની પરિણતિ દ્વારા, જ્ઞાનની પરિણતિ દ્વારા એકરૂપ આસ્વાદથી જાણ. બીજી રીતે કહીયે તો નિમિત્તથી કે રાગથી જણાય તેવો નથી, તેને જાણવા માટે રાગની કે વ્યવહારની અપેક્ષા નથી તેને જાણવા માટે નિર્મળ પર્યાયની જરૂર છે.

વસ્તુ અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય સુખના સ્વાદથી જણાય તેવી છે. પરમાનંદ પરિણતિ દ્વારા અમૂર્ત જ્ઞાનમય વસ્તુને જાણ. રાગ તો વિષનો સ્વાદ છે, તેનાથી અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન કેમ જણાય? ભગવાન ઈન્દ્રિયથી જણાય તેવો નથી, અતીન્દ્રિય છે એટલે કે અતીન્દ્રિય પરિણતિથી જણાય તેવો છે. આબાળ-ગોપાળ સૌને જણાય તેવો છે. પર્યાયનું લક્ષ છોડી દે. સૌ આત્માઓ આત્માપણે સાધર્મી જ છે કોઈ વિરોધી નથી. એવો સ્વભાવ જાણે તેને વેર-વિરોધ કેમ હોય ? દ્રવ્યનો સ્વભાવ જ વીતરાગભાવ છે.

આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે, ત્યાં જ્ઞાનનું અસ્તિત્વ પોતાને લઈને છે, અસ્તિત્વને લઈને નથી. એક ગુણમાં અનંતાગુણનું રૂપ છે. એક ગુણમાં બીજો ગુણ નથી, એક ગુણ બીજા ગુણને લીધે નથી, પણ એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. એક-એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે ને એવા અનંતા ગુણવાળો આત્મા છે.

વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ જેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર—વાણી—મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે—આવો ભગવાન આત્મા છે. ત્રણ લોકનો નાથ છે પણ કોડી કોડી માટે ભીખારી થઈને ફરે છે.

આવી વાત સાંભળવા મળે તે પણ ભાગ્યશાળી છે. પૈસાવાળા કે આબરૂવાળા ભાગ્યશાળી નથી પણ આવી વાત કાને પડે તે ભાગ્યશાળી છે.

મૂર્ત રહિત જ્ઞાનમય પરમાનંદ એકરૂપ સ્વભાવી આત્માને આવી રીતે જાણ. તેનો અર્થ એ કે નિમિત્તથી કે રાગથી નિર્મળ પરિણતિ થતી નથી ને નિર્મળ પરિણતિ વિના આત્મા જણાતો નથી. આનંદની પરિણતિના આસ્વાદ દ્વારા આત્માને જાણ. સ્વભાવ પ્રત્યક્ષ થાય એવું તારું સ્વરૂપ છે, પરોક્ષ રહે કે નિમિત્તથી જણાય એવું તારું સ્વરૂપ નથી.

મિથ્યાત્વ રાગાદિભાવ તે અંજન–મેલ છે. બહારના આકર્ષણમાં રુચિનો ભાવ પડ્યો છે તે બધો મિથ્યાત્વ ભાવ છે, મેલ છે. તેનાથી રહિત આત્મા નિરંજન છે, તેને નિરંજન પરિણતિથી જાણ. એ રીતે જાણે ત્યારે સુપ્રભાત પ્રગટ્યું કહેવાય. રાગાદિ ને મિથ્યાત્વથી રહિત નિરંજન દશા દ્વારા નિરંજન ભગવાનને જાણ. એવા આત્માને સારી રીતે જાણ. સારી રીતે ક્યારે જાણ્યો કહેવાય કે નિર્મળ પરિણતિ દ્વારા જાણે ત્યારે.

આત્મા સર્વ પદાર્થમાં ઉત્કૃષ્ટ છે માટે તેને ઉપાદેય બનાવ, એ સિવાય સર્વે હેય છે. દૃષ્ટિનો વિષય એવો આત્મા ઉપાદેય છે, પણ એ દૃષ્ટિની પર્યાયનું પણ લક્ષ કરે તો આત્મા હેય થઈ જાય છે. આત્માની દૃષ્ટિ કરતી પર્યાયને ઉપાદેય કરે તો આત્મા હેય થઇ જાય છે. ત્યાં રાગને–વ્યવહારને ઉપાદેય માનવો તે વાત ક્યાં રહી?

અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ પ્રગટ થાય તોપણ ખૂટે એમ નથી એવો જે ભગવાન આત્મા તેને મિથ્યાત્વ રહિત સમ્યક્ દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ સુપ્રભાત છે. તેનું નામ નવું વર્ષ છે. ભગવાન આત્માને સમ્યક્દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ આત્માની સાથે સાદિ અનંત કાળ રહેવા માટે સગાઇ કરીને આત્માના ગુણોના પરિવાર સાથે સંબંધ જોડ્યો છે.

જેણે ભગવાન આત્માને સમ્યગ્દર્શનથી પ્રતીતમાં લીધો તેને સુપ્રભાત પ્રગટ્યું છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણિમા થઇને રહેશે તેમ જેને સુપ્રભાત પ્રગટ્યું છે તેને કેવળજ્ઞાન થઇને જ રહેશે, તેને કેવળજ્ઞાનમાં કોઇ વિઘ્ન હોઇ શકે નહીં. વસ્તુ નિરંજન નિરાકાર તેને નિરંજન પરિણતિ દ્વારા પ્રગટ કર્યો તેને સુપ્રભાત પ્રગટ્યું છે, તેને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થઇને રહેશે. ભગવાન આત્માની પ્રતીત કરતાં આત્માના અસંખ્યાત પ્રદેશે આનંદના અંકુર ફૂટી નીકળે છે.

*

# આબાળ-ગોપાળ સૌને સદાકાળ
# અનુભવમાં આવતો ભગવાન આત્મા

(શ્રી સમયસાર શાસ્ત્રની ૧૭-૧૮ ગાથા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, દશલક્ષણપર્વનો પ્રથમ દિવસ છે. આ દશેય ધર્મ ચારિત્રના ભેદ છે. ચારિત્ર મોક્ષનું કારણ છે. આત્માનો અનુભવ થયો હોય અને પછી ચારિત્ર-લીનતા થઈ હોય તેને આ દશ પ્રકારના ધર્મ હોય છે. આ દશ ધર્મને ધરવાથી સુખ અને આનંદ થાય છે.

સમકિત સહિતની ક્ષમા તે ઉત્તમ ક્ષમા છે. સમકિત વિનાની ક્ષમા તે ક્ષમા નથી પણ કષાય છે. કષાય રૂંધાયેલો હોય એટલે ક્ષમા લાગે. દશ ધર્મ તો અતીન્દ્રિય આનંદમય સુખથી ભરેલા છે. અતીન્દ્રિય આનંદનું વિશેષ વેદન થાય તેનું નામ જ દશ ધર્મ છે. સમ્યગ્દર્શનમાં સ્વરૂપની દૃષ્ટિ થઈ હોવાથી આનંદનો સ્વાદ તો આવે છે પણ તે થોડો છે જ્યારે ચારિત્રમાં તો પ્રચુર આનંદ છે. ક્ષમામાં તો મહા આનંદ આવે છે. વીતરાગભાવ એ જ ધર્મ છે, ચારિત્ર છે અને એ જ આ દશ પ્રકારનો ધર્મ છે. તેમાં રાગનો ઘણો જ અભાવ થયો હોય છે અને અતીન્દ્રિય આનંદની ઉગ્રતા હોય છે.

બહારથી ક્ષમા કરી દેવાની આ વાત નથી. આ ધર્મ તો બહુ ઊંચી ચીજ છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો તેનું નામ સમ્યગ્દર્શન છે, વિશેષ આનંદ આવવો તે ચારિત્ર છે અને તેનાથી પણ વિશેષ સુખના સ્વાદની વૃદ્ધિ થવી તેનું નામ દશ પ્રકારનો ધર્મ છે.

જે કોઈ સાધક, મનુષ્ય તિર્યંચાદિકૃત ઉપસર્ગમાં ક્રોધથી તત્પાયમાન ન થાય પણ ઉગ્ર આનંદના સ્વાદમાં આવી જાય તેને ઉત્તમક્ષમાધર્મ કહેવાય છે. આ મુનિની વાત છે પણ શ્રાવકને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય હોય છે. નિયમસારમાં આવે છે કે શ્રાવક રત્નત્રયની ભક્તિ-આરાધના કરે છે. તેથી શ્રાવકને પણ અંશે દશેય ધર્મનું પરિણમન હોય છે. સીસમના લાકડામાં અંદર કઠણ સાર હોય છે તેમ દશ ધર્મમાં અંદર સુખનો સાર હોય છે.

મુનિને ઘાણીમાં પીલે કે લોઢાના ધગધગતા દાગીના પહેરાવે એવા ઉપસર્ગ અને પરિષહમાં પણ મુનિ જ્ઞાતા-દૃષ્ટા રહીને અતીન્દ્રિય આનંદને વિશેષરૂપે અનુભવે છે તેને જ પરિષહજય થયો કહેવાય છે. વીતરાગ માર્ગની લાઈન આખી જુદી છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

હવે આપણે સમયસાર ચાલે છે તેમાં ૧૭-૧૮ ગાથામાં અહીં સુધી આવ્યા છીએ (ટીકાના પ્રથમ પેરેગ્રાફની છેલ્લી બે લાઈન)...સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે. (અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી.)

પોતાના ભગવાન આત્માનું જ્ઞાન કરવું, શ્રદ્ધા કરવી અને રમણતા કરવી તે જ નિષ્કર્મ અવસ્થા—જે મોક્ષ તેની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. આવું અનેકાંત છે.

નિશ્ચયથી પણ મોક્ષ થાય અને વ્યવહારથી પણ મોક્ષ થાય એવું અનેકાંત નથી. પોતાના ભગવાન આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે, તેનાથી જ મોક્ષ થાય છે. વ્યવહારથી કે રાગથી કે નિમિત્તથી મોક્ષ થતો નથી. આનું નામ અનેકાંત છે.

અત્યારે તો અનેકાંતના નામે ફૂદડીવાદ કરી નાંખે છે કે નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય, ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય. એ તો ફૂદડીવાદ છે, મિથ્યા અનેકાંત છે.

આ તો જેને ભવનો ભય અને થાક લાગ્યો હોય તેને માટે વાત છે. શરીરમાં જરાં પીડા આવે ત્યાં સહન થતું નથી તેને શરીરમાં રહીને કામ કરવાનું છે. 'હું તો આનંદકંદ ચૈતન્યપ્રભુ છું' એવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા કરવામાં આનંદ આવે એવો માર્ગ છે ત્યાં દુઃખ નથી. સાધ્યની સિદ્ધિનો આ એક જ પ્રકાર છે. બીજા કોઈ પ્રકારે સાધ્ય આત્માની સિદ્ધિ થઈ શકતી નથી.

(તે વાત વિશેષ સમજાવે છે) જ્યારે આત્માને અનુભવમાં આવતાં જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું... અનુભવમાં આવતાં અનેક પર્યાયો એટલે શુભ અને અશુભ રાગ અને દ્વેષાદિ ભાવોનો અનુભવ થાય છે, આનંદનો નહિ. તે ભાવો સાથે પોતાને મિશ્રિત અનુભવતો હોવા છતાં સર્વ પ્રકારે ભેદજ્ઞાન એટલે રાગનો એક અંશ પણ મારા સ્વભાવમાં નથી એમ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી અંતરમાં ઝૂકે તો રાગથી ભિન્ન પડી જાય છે અને એકલા જ્ઞાનનો અનુભવ થાય છે કે 'આ અનુભૂતિ છે તે જ હું છું', જે એક જ્ઞાનરૂપે રહ્યો છે તે હું છું.

જેને કલ્યાણ કરવું હોય તેને આ રસ્તો છે, બાકી વાતો છે. આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું શ્રદ્ધાન ઉદય થાય છે—સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. શુભાશુભ વિકલ્પોથી ભગવાન આત્મા ભિન્ન હોવાથી, ભિન્ન આત્માનું જ્ઞાન અને તેની પ્રતીતિ થાય છે. આ જાણવાવાળો આત્મા તે જ હું છું? એમ રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન અને તેની પ્રતીતિ થવી તે મોક્ષનો ઉપાય છે. ગુણ-ગુણીના ભેદના વિકલ્પ ઊઠે છે તેનાથી પણ ભેદજ્ઞાન કરીને—સમસ્ત અન્યભાવોથી ભેદ થવાથી નિ:શંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે.

રાગથી ભિન્ન સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન થતાં તેમાં નિ:શંકપણે 'ઠરવું' થાય છે કે 'હું આ જ છું', દયા-દાનાદિ રાગના વિકલ્પ ઊઠે છે તે હું નહિ, શાસ્ત્રનું પરલક્ષી જ્ઞાન છે તે પણ હું નહિ, કેમ કે તેમાં આત્માનું જ્ઞાન થતું નથી. આત્મજ્ઞાન એટલે તો રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન, 'આ આત્મા' એવી પ્રતીતિ અને અન્યભાવોથી ભિન્ન પડીને આત્મામાં નિ:શંકપણે ઠરવું તે ચારિત્ર છે. આવા આત્મજ્ઞાન-શ્રદ્ધા અને ચારિત્રથી આત્માની સિદ્ધિ છે.

આત્માનું સાધ્ય જે નિષ્કર્મ અવસ્થા એટલે મોક્ષ, તેની આ રીતે સિદ્ધિ છે, બીજી રીતે સિદ્ધિ નથી.

અહાહા...! થોડામાં કેટલું ભરી દીધું છે!

રાગ અને વીતરાગ ભગવાન આત્માનું જાણે મિશ્રિતપણું થઈ ગયું હોય એવા મિશ્રિતપણામાંથી રાગથી ભિન્ન પડીને 'આ જાણવાવાળો તે જ હું' એવું જ્ઞાન થયું તે આત્મજ્ઞાન છે, 'આ જ આત્મા' એવી પ્રતીતિ કરી અને સમસ્ત રાગથી ભિન્ન પડીને આત્મામાં આચરણ કરવાનો પુરુષાર્થ કર્યો તે ચારિત્ર છે.

અરેરે...અનંતકાળથી ભગવાનને ભૂલી ભ્રમણામાં પડ્યો છે. તે દુ:ખના પંથે પડેલો છે. આ શરીર, પૈસા અને આબરૂ આદિ તો સ્મશાનની રાખ છે તેની જેને વિસ્મયતા લાગે છે તેને આત્માની વિસ્મયતા લાગતી નથી. આત્મા સિવાય ક્યાંય પણ જેને વિશેષતા લાગે છે તેને આત્માની વિશેષતા નહિ લાગે.

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા—જ્ઞાનમાં અનુભવસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળ એટલે બાળકથી માંડીને વૃદ્ધને સદા અનુભવમાં પોતે જ આવતો હોવા છતાં—જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી પર્યાયમાં

સ્વસ્વરૂપ પણ જાણવામાં આવે છે છતાં અજ્ઞાની અનાદિ બંધના વશે—રાગના પ્રેમથી અંતરમાં જોઈ શકતો નથી.

સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવે છે.

શ્રોતા:--...ક્યારે ? પૂજ્ય ગુરુદેવશ્રી :—અત્યારે અને સદાકાળ જ્ઞાનમાં દ્રવ્ય જ જાણવામાં આવે છે. સદા અને સ્વયં પોતે જ જાણવામાં આવતો હોવા છતાં અનાદિ રાગના વશે—રાગ ઉપર દૃષ્ટિ હોવાથી, પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં જ્ઞાન તેને જાણતું નથી.

ફરીને...જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ સ્વયં અનુભવમાં આવતો હોવા છતાં પણ અજ્ઞાનીની દૃષ્ટિ પરદ્રવ્ય અને રાગ ઉપર હોવાથી તેને વશ થઈ ગયો છે તેથી પર્યાયમાં સ્વ જણાતો હોવા છતાં તેને જાણી શકતો નથી. રાગની એકતાની અંધબુદ્ધિમાં, પર્યાયમાં ભગવાન જણાતો હોવા છતાં તે જાણી શકતો નથી. પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ નથી અને રાગ તરફ દૃષ્ટિ છે તેથી અબંધસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વભાવ જણાતો હોવા છતાં, રાગના બંધનને વશ થઈને, ભગવાનને જાણી શકતો નથી.

આ તો ધીરાના કામ છે બાપા !

બાળકથી લઈને વૃદ્ધ સુધી દરેકને જ્ઞાનની પર્યાયમાં આ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જાણવામાં આવે છે છતાં અનાદિ રાગના સંબંધના વશે અબંધસ્વરૂપ ભગવાન આત્માને જાણી શકતો નથી.

ફરીને...સદા સર્વને નિજ આત્મા જ પર્યાયમાં અનુભવમાં આવે છે છતાં અજ્ઞાની રાગના બંધભાવમાં રોકાયેલો હોવાથી તેને આત્મા જણાતો નથી. જેમ ઘણીવાર નજર સામે વસ્તુ દેખાતી હોય પણ પોતાનું લક્ષ બીજે હોય તો એ વસ્તુ જણાતી નથી તેમ પોતાની પર્યાયમાં દ્રવ્ય જણાતું હોવા છતાં પોતાની દૃષ્ટિ રાગ ઉપર હોવાથી દ્રવ્ય જ્ઞાનમાં પકડાતું નથી.

ફરી...જ્ઞાનની પર્યાય ભલે અજ્ઞાનીની હો તોપણ એ પર્યાયનો સ્વભાવ એવો છે કે, સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વયં આત્મા જણાય જ છે તોપણ, રાગના સંબંધના બંધનના વશ થઈને તે અબંધસ્વરૂપ આત્માને જાણતો નથી, રાગને જાણે છે.

અરે આ વાત ક્યાં મળે ! દિગંબર સંતોએ કેવળજ્ઞાનના વિરહા ભુલાવે એવી

વાત કરી દીધી છે. આ કાંઈ કોઈએ દુઃખ લગાડવા જેવી વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે.

આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અજ્ઞાનીની પર્યાયમાં પણ દ્રવ્ય જ જાણવામાં આવે છે પણ અજ્ઞાની રાગના સંબંધમાં રોકાયો હોવાથી રાગને જ જાણે છે. જે ખરેખર પોતાના સ્વભાવમાં નથી એવા રાગને જાણે છે અને જે પોતાનું સ્વરૂપ છે તેને જાણતો નથી.

અરે ! આ વાત જેને કાને પણ ન પડે તે સત્યને શી રીતે શોધે ? આ સિવાય તો બીજા બધાં રખડવાના રસ્તા છે.

ભગવાન ! તારી પર્યાયમાં તારું અબદ્ધસ્વરૂપ સદાય સ્વયં અનુભવમાં આવતું હોવા છતાં રાગના સંબંધમાં રોકાઈને તું તેને જાણી શકતો નથી. તે રાગ ભલે ભગવાનની ભક્તિનો હો કે શાસ્ત્રની ભક્તિનો હો પણ એ રાગ પણ બંધ છે અને ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. પર્યાયનો ધર્મ અર્થાત્ સ્વભાવ એવો છે કે તેમાં અબંધસ્વરૂપ જાણવામાં આવે જ. ત્રિકાળી અવસ્થાથી પ્રભુ અવસ્થામાં જણાય એવો અવસ્થાનો ધર્મ છે તોપણ રાગના સંબંધમાં રોકાયો હોવાથી અબંધસ્વરૂપને જાણતો નથી.

જિનસ્વરૂપી ભગવાન આત્માની પર્યાયમાં જિનસ્વરૂપ જાણવામાં આવતું હોવા છતાં જિનસ્વરૂપથી વિરુદ્ધ એવા રાગને દેખવાથી જિનસ્વરૂપને જાણતો નથી. આવી વાત છે ભાઈ ! રાગમાં એકાકાર થયેલાં અજ્ઞાની જીવો રાગને જ દેખે છે તેથી જિનસ્વરૂપ આત્માને દેખી શકતાં નથી. અબંધસ્વરૂપ જાણવામાં આવતું હોવા છતાં તેને જાણતાં નથી.

અહો ! સંતો કરુણા કરીને જગત સામે આત્માની જાહેરાત કરે છે કે ભાઈ ! તારી પર્યાયમાં નિજભગવાનની જાહેરાત થાય છે. પણ તું રાગમાં રોકાયો હોવાથી, ભગવાનની જાહેરાત થતી હોવા છતાં અને જાણવાની શક્તિ હોવા છતાં તું જાણતો નથી.

અહા ! અહીં તો એકલી જ્ઞાનની ક્રિયાની વાત છે.

જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ એટલે આઠ વર્ષનું બાળક હો કે ગોપાળ એટલે વૃદ્ધ હો તે દરેકની જ્ઞાનની પર્યાયમાં સદા ભગવાન આત્મા જાણવામાં આવે છે તોપણ અનાદિ રાગને વશ થઈને તેને જાણવામાં રોકાયો હોવાથી અજ્ઞાની ભગવાન આત્માને જાણતો નથી.

આત્માને 'ભગવાન આત્મા' કહ્યો. અનંત જ્ઞાન-આનંદની લક્ષ્મીવાળો છે માટે આત્મા ભગવાન છે. અજ્ઞાનીનો આત્મા પણ ભગવાન છે પણ તેને ખબર નથી. જેનું જણાવું થાય છે તેની તને ખબર નથી અને રાગને જાણવામાં ભગવાન રોકાઈ ગયો છે.

સમજાય તેવું છે હો ! ભાષા આકરી નથી, ભાષા તો સાદી છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ થઈ જ રહી છે કેમ કે આત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તેથી ભગવાન આત્મા સ્વયં જાણવામાં આવે છે. આ તો નિજઘરની વાત છે પ્રભુ ! તારું ઘર તને જણાય છે પણ તારી નજર ત્યાં નથી.

તો પ્રશ્ન થાય કે આમાં કરવું શું ? ભાઈ ! કરવાનું એ છે કે પરના બંધ ઉપરનું લક્ષ છોડી અબંધસ્વરૂપ જણાય છે ત્યાં લક્ષ કર ! આ કરવાનું છે, બાકી બધું થોથાં છે.

રાગ અને સ્વભાવની એકતા માનવાથી જીવને વિભાવનો અધ્યાસ થઈ ગયો છે. પરદ્રવ્યમાં એકત્વના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. એક તરફ આત્માને ભગવાન કહ્યો અને બીજી અપેક્ષાએ તેને મૂઢ કહ્યો. તારી પર્યાયનો સ્વભાવ એવો છે કે તેમાં ભગવાન આત્મા સ્વયં જણાય છે પણ તે અનાદિ શુભાશુભ રાગને વશ થઈને 'આ જાણવાવાળો જ હું છું' એવું આત્મજ્ઞાન પ્રગટ્ કર્યું નથી.

વીતરાગસ્વરૂપ ભગવાન, પર્યાયમાં જાણવામાં આવતો હોવા છતાં રાગને વશ થઈને રાગનું જ્ઞાન કરવાથી સ્વનું જ્ઞાન થતું નથી. અરે ! શાસ્ત્રના જ્ઞાનમાં રોકાય જાય તેને પણ સ્વનું જ્ઞાન થતું નથી. શાસ્ત્રજ્ઞાન એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. અજ્ઞાનીને 'આ જાણનાર છે તે હું છું' એવું આત્મજ્ઞાન ઉદિત થતું નથી.

આવી ગંભીર વાતો છે !.....

પર્યાયમાં જાણનારો જણાતો હોવા છતાં જાણતો નથી. તેથી આત્મજ્ઞાન થવાને બદલે રાગનું જ્ઞાન થાય છે. એકલાં જાણનાર જ્ઞાનસ્વરૂપી પ્રભુનું જ્ઞાન તો થતું નથી અને જેમાં એ નથી એવા રાગનું જ્ઞાન થાય છે તેથી આત્મજ્ઞાન ઉદિત થતું નથી અને તેથી 'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાંના શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી શ્રદ્ધાન પણ ઉદય થતું નથી. કારણ કે જે ચીજ જાણવામાં ન આવે તેની શ્રદ્ધા થઈ શકતી નથી.

* * *

# અશુદ્ધ ઉપયોગ એક જ બંધનું કારણ છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૮૭)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો બંધ અધિકાર શરૂ થાય છે.

कही निर्जराकी कथा, सिवपथ साधनहार ।
अब कछु बंध प्रबंधकौ, कहूं अलप विस्तार ॥१॥

અર્થ :—મોક્ષમાર્ગની સિદ્ધિ કરનાર નિર્જરાતત્ત્વનું કથન કર્યું, હવે બંધનું વ્યાખ્યાન કાંઈક વિસ્તાર કરીને કહું છું.

આત્મા શુદ્ધ–પવિત્ર છે એવો અનુભવ થતાં તેને કર્મની અને અશુદ્ધતાની નિર્જરા થાય છે. એ અનુભવ શુદ્ધોપયોગરૂપ છે અને તેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. તેને જ અહીં નિર્જરા કહી છે. હવે અહીં બંધતત્ત્વના સ્વરૂપનું કથન થોડું કરીએ છીએ—એમ કહીને મંગલાચરણ કરે છે.

મંગળાચરણ

मोह मद पाइ जिनि संसारी विकल कीने,
याहीतैं अजानुबाहु विरह बिहतु है ।
एसौ बंध-वीर विकराल महा जाल सम,
ग्यान मंद करै चंद राहु ज्यौं गहतु है ॥
ताकौ बल भंजिवेकौ घटमैं प्रगट भयौ,
उद्धत उदार जाकौ उद्दिम महतु है ।
सो है समकित सूर आनंद-अंकूर ताहि,
निरखि बनारसी नमो नमो कहतु है ॥२॥

અર્થ :—જેણે મોહનો દારૂ પાઈને સંસારી જીવોને વ્યાકુળ કરી નાખ્યાં છે, જેના હાથ ઘૂંટણ સુધી લાંબા છે એવી સંસારમાં પ્રસિદ્ધિ છે, જે મહા જાળ સમાન છે અને જે જ્ઞાનરૂપી ચંદ્રમાને તેજરહિત કરવા માટે રાહુ સમાન છે એવા બંધરૂપ ભયંકર યોદ્ધાનું બળ નષ્ટ કરવાને માટે જે હૃદયમાં ઉત્પન્ન થયો છે, જે બહુ બળવાન, મહાન અને પુરુષાર્થી છે એવા આનંદમય સમ્યકત્વરૂપી યોદ્ધાને પંડિત બનારસીદાસજી વારંવાર નમસ્કાર કરે છે.

રાગની એકતારૂપી બંધભાવ છે તે ભાવબંધ છે. બંધે 'રાગ તે હું છું' એવો મહા મિથ્યાત્વનો દારૂ પીધો છે. આ દારૂના નશાથી સંસારી અજ્ઞાની જીવો પાગલ બની ગયો છે. વિકારીભાવ–બંધભાવ–શુભાશુભભાવ મારા છે એવો જે મિથ્યાત્વભાવ–તેનાથી જીવો વ્યાકુળ બની રહ્યાં છે.

एसौ बंधवीर विकराल महा जाल सम–યોદ્ધાનું લક્ષણ એવું આવે છે કે યોદ્ધો ઊભો હોય તો તેના હાથ, પગના ઘૂંટણ સુધી પહોંચે એટલા લાંબા હોય તેને મોટો યોદ્ધો–અજાનબાહુ કહેવાય છે, તેના જેવો આ મિથ્યાત્વ મોટો યોદ્ધો છે. મિથ્યાત્વનો વિસ્તાર બહુ લાંબો છે. આનંદસ્વરૂપ ચૈતન્યને ભૂલી શુભાશુભભાવમાં અને શરીરાદિમાં એકત્વ માનનારો મિથ્યાત્વ યોદ્ધો કાંઈ નાનો નથી. એણે તો સંસારમાં નામ કાઢ્યું છે કે હું મિથ્યાત્વરૂપી મોટો યોદ્ધો છું. આત્મા અબંધસ્વરૂપ હોવા છતાં મિથ્યાત્વે મોટી વિકરાળ જાળ પાથરી છે, મિથ્યાત્વથી જ્ઞાનની દશા પણ હીણી થઈ જાય છે. શુભા-શુભવિકારી લાગણીઓ એ જ મારું સ્વરૂપ છે એમ માનનારા ભાવબંધે આત્માની દશાને હીણી કરી નાંખી છે. ચંદ્રને જેમ રાહુ આડો આવે છે તેમ રાગ તે હું એવો મિથ્યાત્વભાવ છે તે ચૈતન્યચંદ્રને આડો આવે છે તેથી ચૈતન્યપ્રકાશને તે રોકે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા દ્રવ્યલિંગી સાધુને ભાવબંધે વશ કર્યા છે તેથી ભાવબંધે જગતમાં નામ કાઢ્યું છે કે જીવોને રખડાવવામાં હું હોશિયાર છું.

ताकौ बल भंजिवेकौ—મિથ્યાત્વરૂપી ભાવબંધે ચૈતન્યને પર્યાયમાં હીણો કરી નાંખ્યો હતો તેના બળને ટાળવા માટે અંતરમાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટ થયો છે તે મહા ઉદ્ધત છે, કોઈને ગણે તેવો નથી. એક આત્માના આનંદસ્વભાવ સિવાય તેને કોઈનો સ્વીકાર નથી. સમ્યક્ત્વ યોદ્ધો મિથ્યાત્વ યોદ્ધાનો નાશ કરવા સમર્થ છે. એવો એ બળવાન, મહાન અને પુરુષાર્થી છે.

રાગાદિની એકતારૂપ મિથ્યાદર્શન બંધના પરિણામ છે જ્યારે સમ્યક્ દર્શન અબંધ-પરિણામ છે. એ બંધપરિણામને નાશ કરવા માટે સમકિતરૂપી સૂર્ય ઊગ્યો છે. અનંત અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્માને જેણે પ્રતીતિમાં લીધો એવો સમ્યક્ત્વસૂર્ય બંધભાવનો નાશ કરે છે. આ રીતે આ શ્લોકમાં બંધભાવના નાશનો ઉપાય પણ સાથે વર્ણવે છે.

પર્યાયમાત્રમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. તેના ફળમાં ચારગતિમાં રખડવાનો વિસ્તાર છે માટે મિથ્યાત્વના બળને નાશ કરવા માટે, જેનો મહાન પુરુષાર્થ છે એવા સમકિત સૂર્યનો ઉદય કરવામાં આવે છે.

सो है समकित सूर आनंद-अंकूर ताहि। સમ્યગ્દર્શનનું ભોજન શું છે ? કે નિત્ય

અતીન્દ્રિય આનંદામૃત એ સમકિતીનું ભોજન છે. મિથ્યાત્વ—રાગની એકતામાં નિત્ય દુઃખનું ભોજન છે. તેને છોડીને સમકિતી નિત્ય આનંદનો અનુભવ કરે છે. સમ્યગ્દર્શન થતાં જ અતીન્દ્રિય આનંદનો અંકુર ફૂટી જાય છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ એવું છે કે તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને મિથ્યાત્વનું સ્વરૂપ એવું છે કે તેમાં અનંતી આકુળતાનું વેદન થાય છે. સમકિતરૂપી સૂર્ય આનંદનું વેદન કરતો જ પરિણમે છે. મિથ્યાત્વ ઘોર બંધનનું કારણ છે. રાગની એકતામાં અટકવું એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. સ્વભાવમાં આવવું, અટકવું અને આનંદનો વિકાસ થવો એ જીવનું સ્વરૂપ છે એમ સમ્યગ્દર્શનમાં અનુભવ થાય છે.

લગ્નમાં બહેનો ગાય છે ને! સોના સમો રે સૂરજ ઊગીયો રે....તેમ અહીં મંગલાચરણમાં બનારસીદાસજી આનંદ સમો રે સૂરજ ઊગીયો રે....એમ સમકિતના ગાણાં ગાય છે. લગ્નમાં તો અજ્ઞાનનો અંધકાર છે, જ્યારે અહીં તો સમકિતરૂપી સૂર્ય ઊગ્યો ત્યાં દિશા આખી ફરી ગઈ, મંગળ પ્રભાત થયું...તે થયું...તેના વહેણ બધાં બદલાઈ ગયા. અજ્ઞાનમાં રાગની એકતાના પ્રવાહ વહેતાં હતાં તે હવે સમકિત થતાં સ્વભાવની એકતાના પ્રવાહ વહેવા લાગ્યાં.

निरखि बनारसी नमो नमो कहतु है। અહો ! સમકિતસૂર્ય ઊગ્યો—આનંદની દશા પ્રગટ થઇ તેને મારા નમસ્કાર હો એમ બનારસીદાસજી કહે છે. અહીં બંધ-અધિકારમાં બંધતત્ત્વની વ્યાખ્યા બંધને ટાળવા માટે કરી છે, બંધને રાખવા માટે બંધનું સ્વરૂપ વર્ણવ્યું નથી. બંધનું સ્વરૂપ જેમ છે તેમ જણાવ્યું છે તે બંધને ટાળવાનો ઉપાય શું ?—કે અબંધસ્વરૂપી ચૈતન્યદ્રવ્યનો અનુભવ અને દૃષ્ટિ કરવી કે જેથી આનંદના અંકુર ફૂટે, દુઃખની દશા જાય અને સુખના વેણલાં વાય એ બંધના નાશનો ઉપાય છે.

હવે બંધભાવ અને તેના નાશ કરનાર જ્ઞાનચેતનાનું સ્પષ્ટીકરણ કરે છે.

જ્ઞાનચેતના અને કર્મચેતનાનું વર્ણન

जहां परमातम कलाकौ परकास तहां,
धरम धरामैं सत्य सूरजकी धूप है ।
जहां सुभ असुभ करमको गढ़ास तहां,
मोहके विलासमैं महा अंधेर कूप है ॥
फैली फिरै घटासी छटासी घन-घटा बीचि,
चेतनकी चेतना दुहूंधा गुपचूप है ।
बुद्धिसौं न गही जाइ बैनसौं न कही जाइ,
पानीकी तरंग जैसें पानीमैं गुडूप है ॥३॥

અર્થ :—જ્યાં આત્મામાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત છે ત્યાં ધર્મરૂપી ધરતી પર સત્યરૂપ સૂર્યનું અજવાળું છે અને જ્યાં શુભ-અશુભકર્મોની સઘનતા છે ત્યાં મોહના ફેલાવાનો ઘોર અંધકારમય કૂવો જ છે. આ રીતે જીવની ચેનતા બંને અવસ્થાઓમાં ગૂપચૂપ થઈને શરીરરૂપી વાદળાની ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. તે બુદ્ધિગ્રાહ્ય નથી અને ન વચનગોચર છે, તે તો પાણીના તરંગની જેમ પાણીમાં સમાઈ જાય છે.

રાગમાં એકાગ્રતા તે કર્મચેતના છે અને સ્વભાવમાં એકાગ્રતાની ચેતના તે જ્ઞાનચેતના છે. આ બંને ચેતના અરૂપી છે તેથી મનથી પકડી શકાય તેમ નથી.

जहां परमातम कलाकौ परकास—જ્યાં પરમાત્મશક્તિની કળાનો પ્રકાશ છે ત્યાં સત્યસૂરજનો આતાપ હોવાથી અંધકાર ત્યાં આવી શકતો નથી. ધર્મરૂપી ધરતી ઉપર સત્યસૂરજનો પ્રકાશ વ્યાપી રહ્યો છે. શુભાશુભભાવની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વનો મહા અંધકાર છે. મોહરૂપી આંધળા કૂવામાં અંધારાનો ફેલાવ છે.

સમકિતમાં પ્રકાશ છે અને શુભાશુભ પરિણામમાં અંધકાર છે. જ્યાં ચૈતન્ય-સ્વભાવનો સ્વીકાર અને અનુભવ થાય છે ત્યાં તો પરમાત્માનો પ્રકાશ ફેલાય છે અને નિર્મળતાનું વેદન થાય છે અને જ્યાં પુણ્ય-પાપની એકતાનો અનુભવ છે ત્યાં અંધકાર છે. સ્વરૂપની સાવધાની છોડી દઈને પુણ્ય-પાપભાવમાં સાવધાની કરવી તેમાં મોહનો વિલાસ છે—અંધારો કૂવો છે. તેમાં મહા અંધકાર છે.

આગળ સર્વવિશુદ્ધિજ્ઞાન અધિકારમાં ૨૮૮ પાના ઉપર ૯૧ મા પદ્યમાં પણ આવશે કે મોહનો વિલાસ આંધળા કૂવા સમાન છે. પુણ્ય-પાપમાં જ્ઞાનપ્રકાશનો અભાવ છે. જ્ઞાનીને તો પુણ્ય-પાપભાવ સ્વપ્ના જેવા લાગે છે. મેં પાપ કર્યાં હતા, પુણ્ય કર્યાં હતાં એ બધાં ભાવ સ્વપ્ના છે. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ વિકારભાવને કેમ કરે ! મારા માટે એ ભાવો કાંઈ છે જ નહિ. આ તો સ્વપ્નું આવી ગયું. આગળ ૯૬મા પદ્યમાં ૨૯૦ પાના ઉપર આવશે કે કરણી સદા હિતની હરણી છે. શુભાશુભપરિણામની ક્રિયા તારા હિતને હરનારી છે. તે કાંઈ તને મુક્તિ આપનારી નથી. પુણ્ય-પાપના પરિણામ તો દુઃખથી લેપાલેયાં છે. રાગ કરું, પુણ્ય કરું એવા અજ્ઞાનભાવમાં મિથ્યાત્વરૂપી મોહરાજા વસે છે. અજ્ઞાનભાવ તો રાક્ષસની નગરી છે. આત્માની શાંતિને બાળનાર છે. માયારૂપ સાકર લપેટેલી છરી છે, રાગની ક્રિયા કરમની કાયા છે અને પુદ્ગલની પ્રતિછાયા છે. અનાદિથી જ્ઞાનાનંદ પ્રભુ—ચિદાનંદ રાગની ક્રિયાની જંજાળમાં ફસાઈ ગયો છે—રાગની એકતાના અંધકારમાં ચૈતન્યસૂર્ય ઢંકાઈ જાય છે. આમ ક્રિયા સદૈવ દુઃખદાયક છે એમ શ્રીગુરુ કહે છે.

પાપથી નિવર્તવું તેને જીવો ધર્મ અને વ્રત માને છે પણ વ્રતના પરિણામ પણ વિકલ્પ છે તેમાં ધર્મ ક્યાં છે?

જીવની ચેતના બંને અવસ્થાઓમાં ગૂપચૂપ થઈને શરીરરૂપી ઘટામાં વીજળીની જેમ ફેલાઈ રહી છે. રાગની ઊંધી પરિણતી અને જ્ઞાનની સવળી પરિણતી આ બંને ચેનતા અંતરમાં ફેલાય છે તેને પરની સાથે કાંઈ સંબંધ નથી. પર્યાય અંતરમાં થાય છે અને અંતરમાં જ ગુડૂપ થઈ જાય છે–સમાઈ જાય છે.

સ્વરૂપના અનુભવ વિના રાગરૂપી ક્રિયાનો અંધકાર વીજળીની પેઠે થાય છે અને જાય છે તેમ શુદ્ધ ચૈતન્યના અનુભવ સહિતની નિર્મળદશા પણ થાય છે અને જાય છે. જેમ પાણીના તરંગો પાણીમાં સમાઈ જાય છે તેમ ચૈતન્યના પરિણામ ચૈતન્યમાં સમાઈ જાય છે. શુદ્ધ અને અશુદ્ધ બંને પ્રકારની પરિણતી અંતરમાં સમાઈ જાય છે. આ તો ચેતનની ચેતનાની વાત ચાલે છે. તે શરીર કે કર્મના કારણે થતી નથી.

બનારસીદાસજીએ કેટલી સ્પષ્ટતા કરી છે! જીવની ચેતના ઉલટી હોય કે સવળી હોય તે જીવમાં થાય છે અને જીવમાં સમાય છે, તેને જડકર્મ સાથે કાંઈ સંબંધ નથી. વાદળાની વચ્ચે વીજળી થાય અને જાય છે તેમ ચૈતન્યમાં અજ્ઞાનમય ચેતના થાય અને જાય પણ બુદ્ધિથી પકડાતી નથી. શુદ્ધ જ્ઞાનચેતના તો સૂક્ષ્મ છે જ પણ કર્મચેતના પણ સૂક્ષ્મ છે તેથી બુદ્ધિમાં પકડાતી નથી. બંધ એ કર્મચેતના છે અને સમકિત એ જ્ઞાનચેતના છે એમ કહીને અમૃતચંદ્રાચાર્યના કળશનું બનારસીદાસજીએ સ્પષ્ટીકરણ કર્યું છે.

પર્યાયબુદ્ધિ એટલે રાગબુદ્ધિ છે તે અજ્ઞાન છે એ પણ આત્મામાં જ થાય છે એ કાંઈ કર્મમાં કે કર્મના કારણથી થતી નથી. તેમ જ ચૈતન્યના ભાનપૂર્વક જ્ઞાનચેતના થાય છે તે પણ આત્મામાં થાય છે, કર્મમાં કે કર્મથી થતી નથી. પાણીના તરંગ પાણીમાં ડૂબી જાય છે તેમ આત્માની પર્યાયો આત્મામાં ડૂબી જાય છે–આત્મામાં સમાઈ જાય છે. ચૈતન્યભગવાન પરની અપેક્ષા વિનાનું સ્વતંત્ર દ્રવ્ય છે તેથી તેનું ભાન ન હોય તોપણ રાગની એકતાબુદ્ધિમાં પોતે જ પરિણમે છે તેને કર્મચેતના કહેવાય છે અને આત્માનું ભાન થઈને શુદ્ધપરિણતિ થાય છે તેને જ્ઞાનચેતના કહેવાય છે તેમાં પણ ચૈતન્ય પોતે સ્વતંત્રપણે પરિણમે છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યને ભૂલીને પરિણતિ કરે તે અશુદ્ધ હોવા છતાં અંદરમાં ગૂપચૂપ છે અને ચૈતન્યસૂર્યના ભાનપૂર્વકની શુદ્ધ પરિણતિ પણ અંતરમાં

ગૂપચૂપ છે તેથી તે બુદ્ધિથી ગ્રહી શકાય તેમ નથી. વાણીથી કહી શકાય તેમ નથી. સમયે સમયે મિથ્યાત્વની ધારા ચાલી રહી છે—થાય છે અને જાય છે વળી થાય છે, તે સમય સમયનું પરિણમન પકડાતું નથી. અને જ્યારે આનંદમૂર્તિ પ્રભુનો શ્રદ્ધામાં સ્વીકાર અને જ્ઞાન થાય છે તે પણ સમય સમયનું પરિણમન છે. થાય છે, જાય છે, થાય છે, ઉત્પાદ-વ્યય ચાલુ જ છે તે પકડાતું નથી. પણ પાણીના તરંગની જેમ અંતરમાં જ સમાઈ જાય છે.

બનારસીદાસે પદ્ય બનાવીને ઘણું સ્પષ્ટ કર્યું છે. હવે અમૃતચંદ્રાચાર્યના બીજા શ્લોક ઉપર ચોથા પદ્યમાં કહે છે કે કર્મબંધનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. આત્માની ત્રિકાળી ચૈતન્યભૂમિમાં રાગની એકતા કરવી તે જ ભાવબંધ અને અશુદ્ધ ઉપયોગ છે તે જ બંધનું કારણ છે.

कर्मजाल-वर्गनासौं जगमैं न बंधे जीव,
बंधै न कदापि मन-वच-काय-जोगसौं ।
चेतन अचेतनकी हिंसासौं न बंधै जीव,
बंधै न अलख पंच-विषै-विष रोगसौं ।।
कर्मसौं अबंध सिद्ध जोगसौं अबंध जिन,
हिंसासौं अबंध साधु ग्याता विषै-भोगसौं ।
इत्यादिक वस्तुके मिलापसौं न बंधै जीव,
बंधै एक रागादि अशुद्ध उपयोगसौं ।।४।।

અર્થ :—જીવને બંધનું કારણ ન તો કાર્માણવર્ગણા છે, ન મન-વચન-કાયાના યોગ છે, ન ચેતન-અચેતનની હિંસા છે અને ન ઈન્દ્રિયોના વિષયો છે, કેવળ રાગાદિ અશુદ્ધ ઉપયોગ બંધનું કારણ છે. કેમ કે કાર્માણવર્ગણા રહેવા છતાં પણ સિદ્ધભગવાન અબંધ રહે છે. યોગ હોવા છતાં પણ અરિહંતભગવાન અબંધ રહે છે. હિંસા થઈ જવા છતાં પણ મુનિ મહારાજ અબંધ રહે છે અને પાંચ ઈન્દ્રિયોના ભોગ ભોગવવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ અબંધ રહે છે.

મૂળ પાઠમાં સમ્યગ્દૃષ્ટિની વાત લીધી નથી પણ બનારસીદાસે સ્પષ્ટીકરણ માટે, સમકિતીની વાત લીધી છે. પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવે છે છતાં સમકિતી અબંધ છે કેમ કે તેમને વિષયોમાં એકતાબુદ્ધિ કે તલ્લીનતા નથી. આમ જયચંદજી પંડિતે પણ ભાવાર્થમાં લીધું છે કે સમકિતી અને દેશવિરતને સમિતિ નહિ હોવાથી તેમનું નામ ન લીધું પણ અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ છે.

જીવને કર્મબંધન શેનાથી થાય છે? તેનું કારણ બતાવતાં કહે છે કે કર્મની વર્ગણા તો આખા લોકમાં ભરેલી છે તે બંધનું કારણ હોય તો સિદ્ધભગવાનને પણ બંધ થવો જોઈએ પણ સિદ્ધને બંધ થતો નથી માટે કર્મની વર્ગણાનો જથ્થો બંધનું કારણ નથી.

મન-વચન-કાયાની ક્રિયા પણ બંધનું કારણ નથી. જો એ ક્રિયા બંધનું કારણ હોય તો અરિહંતને પણ બંધ થવો જોઈએ પણ અરિહંતને બંધ થતો નથી માટે મનં-વચન-કાયાની ક્રિયા જીવને બંધનું કારણ થતી નથી.

ચેતન-અચેતનની હિંસા એ તો પરની ક્રિયા છે તેનાથી જીવને બંધ થતો નથી. મુનિમહારાજ ઈર્યાસમિતિપૂર્વક ચાલતાં હોય અને અચાનક જીવડું પગ નીચે આવીને મરી જાય તો તેની હિંસા તો થઈ પણ મુનિને બંધ થતો નથી માટે ચૈતન્યની ભૂમિકામાં રાગને એકપણે માનવો તે એક જ બંધનું કારણ છે એ સિદ્ધ થાય છે.

રાગને પોતાની ભૂમિકામાં ન લાવે અને જ્ઞાનાનંદ ભૂમિકામાં પરિણતિ કરે—બસ એ જ મોક્ષનું કારણ છે.

પંચેન્દ્રિયભોગ ભોગવવા છતાં સમ્યગ્દષ્ટિ અબંધ છે કેમ કે સમકિતી રાગના સ્વામી નથી અને રાગમાં એકતા નથી. જેમ પરદ્રવ્યની ક્રિયાને જુદી જાણે છે તેમ પોતાની વિભાવક્રિયાને પણ સ્વભાવમાં મેળવતો નથી, જુદી જાણે છે તેથી સમકિતીને વિષયભોગ હોવા છતાં બંધ નથી. જો વિષયભોગથી જ બંધ હોય તો સમકિતીને પણ બંધ થવો જોઈએ.

આમ તો દસમા ગુણસ્થાન સુધી બંધ છે પણ તે ચારિત્રસંબંધી બંધની વાત છે. જ્ઞાનીને અસ્થિરતા સંબંધી બંધ હોય છે પણ અસ્થિરતાને પોતાનું સ્વરૂપ માનતાં નથી તેથી મિથ્યાત્વસંબંધી બંધ થતો નથી. ઉપયોગરૂપી ભૂમિમાં રાગની એકતા કરવી તે એક જ આ બંધનું કારણ છે. કળશમાં છે ને !—यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः स एव किल केवलं भवति बन्धहेतुर्नणाम् ॥ મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ઉપયોગ જ હોય છે—ઉપયોગમાં રાગની એકતા હોય છે તે જ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિને વિષયભોગ વખતે પણ અશુદ્ધ ઉપયોગ નથી, બહિર્મુખ રાગના પરિણમનમાં તેને એકપણું નથી. જેમ શરીર અને આત્મા જુદાં છે તેમ સ્વભાવ અને વિભાવ જુદાં છે એમ જાણે છે તેથી જ્ઞાનીને બંધ થતો નથી.

આ પદનો અર્થ તો થઈ ગયો. હવે ભાવાર્થ કહેશે. (ક્રમશઃ)

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *સમ્યગ્દર્શનનો વિષય ઉપાદેય છે કે સમ્યગ્દર્શન ઉપાદેય છે?*

**સમાધાન :—** સમ્યગ્દર્શન પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે, પણ ખરી રીતે તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવદ્રવ્ય છે તે ઉપાદેય છે અર્થાત્ ધ્રુવદ્રવ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે અને પર્યાય ઉપર દૃષ્ટિ કરવાની હોતી નથી. દૃષ્ટિ તો ધ્રુવદ્રવ્ય ઉપર કરવાની હોય છે, માટે વાસ્તવિક રીતે ઉપાદેય તો પરમ પારિણામિક ભાવ સ્વરૂપ અનાદિ-અનંત ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા યોગ્ય છે, પણ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી. એ તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે ધ્રુવદ્રવ્ય પરમ પારિણામિક ભાવ સ્વરૂપ જે આત્મા છે તે–ગ્રહણ કરવા યોગ્ય છે,–ઉપાદેય છે. સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન આદિ પ્રગટ કરવાની અપેક્ષાએ બધું ઉપાદેય છે; પણ તેના ઉપર દૃષ્ટિ કરવાથી સુખ પ્રગટ થતું નથી. તેથી વાસ્તવિક ઉપાદેય ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ-આનંદ પ્રગટ થાય છે, માટે તે ઉપાદેય છે. આમ બંનેની અપેક્ષાઓ જુદી છે. સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન વગેરે બધું ઉપાદેય છે, પણ તે પર્યાય હોવાથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી સુખ પ્રગટ થતું નથી. ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી પ્રગટ થાય છે, માટે ધ્રુવ ઉપાદેય છે.

આ રીતે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને કોઈ અપેક્ષાએ ધ્રુવ ઉપાદેય છે. તે બંને ઉપાદેય છે, પણ અપેક્ષા જુદી છે. એક વ્યવહાર છે અને એક નિશ્ચય છે. પણ તે વ્યવહાર એવો નથી કે કાંઈ છે જ નહિ, એમ નથી. સમ્યગ્દર્શન આદિ અનંત શુદ્ધપર્યાય વેદનમાં આવે છે તેથી ઉપાદેય છે. પરંતુ તે અનંતપર્યાય ધ્રુવને ગ્રહણ કરવાથી વેદનમાં આવે છે. માટે ખરેખર ધ્રુવ ઉપાદેય છે. સમ્યગ્દર્શન સર્વથા ઉપાદેય નથી એમ નથી, તે ઉપાદેય છે, પણ તે વ્યવહાર અપેક્ષા છે અને ધ્રુવ ઉપાદેય છે તે નિશ્ચય અપેક્ષા છે.

**પ્રશ્ન :—** *આત્માનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક છે. તો સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વાનુભૂતિના સમયે પર જણાય છે કે કેમ?*

**સમાધાન :—** સ્વાનુભૂતિના સમયે બહાર ઉપયોગ નથી એટલે પર-પરજ્ઞેયો

જણાતા નથી. પોતાનો ઉપયોગ અંદર છે અને તેમાં અનંતગુણની પર્યાયો જણાય છે, માટે સ્વ-પરપ્રકાશકપણું ત્યાં પણ ઊભું રહે છે, તેનો નાશ થતો નથી. સમ્યગ્દર્શન–સ્વાનુભૂતિની પર્યાય પ્રગટે છે તે કાળે પોતે આનંદગુણને વેદે છે, પોતાના અનંતગુણ વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે અને પોતે બીજા ગુણ-પર્યાયોને પણ જાણે છે અને તેથી સ્વ-પરપ્રકાશકપણું છે. સ્વાનુભૂતિના સમયે સ્વને એટલે કે જ્ઞાન પોતે પોતાને જાણે છે અને પર એટલે કે બહારના જ્ઞેયને નથી જાણતું; પણ પોતે અંતરમાં જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા સ્વરૂપ એવા પોતાને અભેદપણે જાણે છે, પોતાની અનંત પર્યાયોને જાણે છે. તે અનંત પર્યાયનાં નામ નથી આવડતાં, પણ પોતાને અનંત પર્યાયનું વેદન થાય છે તેને જાણે છે. ચૈતન્યચમત્કાર સ્વરૂપ આત્મા છે, તેની અનેક જાતની પર્યાયને તે જાણે છે તે અનુભવના કાળે પરપ્રકાશકપણું છે અને ઉપયોગ બહાર હોય ત્યારે તે બહારનું જાણે છે પણ તેમાં એકત્વ થતું નથી. (અનુભવ કાળે) પોતે પોતાનો જ્ઞાયક રહે છે, જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે ત્યારે તેનાથી જુદો રહીને પરને જાણે છે. એટલે કે પોતે પોતાને જાણે છે અને બીજાને પણ જાણે છે. આ રીતે સવિકલ્પદશામાં સ્વ-પરપ્રકાશકપણું છે અને અંતરમાં પોતે પોતાને જાણે છે અને પોતાના અનંતગુણ–પર્યાયોને જાણે છે તે નિર્વિકલ્પદશાના કાળનું સ્વ-પરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો તેને સ્વાનુભૂતિમાં પરિણમે છે તેને જાણે છે તથા પોતાને અભેદપણે જાણે છે. આ રીતે બધું જાણે છે તે નિશ્ચય સ્વ-પરપ્રકાશકપણું છે.

પરને જાણે તે વ્યવહાર એટલે કે તે પરને નથી જાણતો એવો તેનો અર્થ નથી. વ્યવહાર એટલે કે બીજાને જાણતો નથી અને બીજાને જાણે તે કહેવામાત્ર છે એવું નથી. પરને જાણે છે, પણ તે બીજું–બહારનું–જ્ઞેય થયું એટલે વ્યવહાર કહેવાય છે.

**પ્રશ્ન :—** *વિશેષ શાસ્ત્ર-અભ્યાસ ન હોય તો પણ આત્માની પ્રાપ્તિ થઈ શકે ?*

**સમાધાન :—** શિવભૂતિ મુનિને ગુરુએ માતુષ–મારુષ એમ કહ્યું, પરંતુ એટલું પણ તેઓ ભૂલી ગયા અને તુષ-માષ થઈ ગયું. ત્યાં એક બાઈ દાળ ધોતી હતી. તે ફોતરાં અને દાળ જોઈને તેમને થયું કે ફોતરાં જુદાં છે અને દાળ જુદી છે. અને તે ઉપરથી યાદ આવ્યું કે મારા ગુરુએ એમ કહ્યું છે કે આત્મા જુદો છે ને શરીર, વિભાવ-રાગ-દ્વેષાદિ જુદા છે. આ રીતે મારો સ્વભાવ જુદો છે એમ પ્રયોજનભૂત ગ્રહણ કરી લીધું અને અંતરમાં ઊતરી ગયા. આમ વધારે શાસ્ત્ર-અભ્યાસની જરૂર

નથી, પણ અંદરની લગની, અંદરનો પુરુષાર્થ અને રુચિની જરૂર છે. તે યથાર્થ સમજે તો થાય અને આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. અંતરસ્વરૂપ સમજવાની જરૂર છે. આત્મા બીજાથી જુદો છે, તે જ્ઞાયક છે, આનંદથી ભરેલો છે, મહિમાવંત છે, તે કોઈ જુદું જ તત્ત્વ છે એમ અંતરમાંથી સમજે તો થાય. જિનેન્દ્રદેવે પૂર્ણતા કેમ કરી, ગુરુ કેવી રીતે સાધના કરી રહ્યા છે, શાસ્ત્રમાં શું વાત આવે છે, સમજાવનાર ગુરુ શું કરી રહ્યા છે, શું માર્ગ બતાવી રહ્યા છે તે પોતે ગ્રહણ કરે. પ્રયોજનભૂત-મૂળભૂત વાત ગ્રહણ કરે તો પમાય તેવું છે. વિશેષ શાસ્ત્રાભ્યાસ કરે તો જ પમાય એમ નથી, દિવસ અને રાત લગની લાગવી જોઈએ. બહારની રુચિ અને રસ હોય તો આ ન થાય, પણ આત્માનો રસ લાગવો જોઈએ. આ બહારનું બધું અંતરમાં નીરસ લાગે, અર્થાત્ અંતરમાંથી તેનો બધો રસ છૂટી જાય, તેની મહિમા છૂટી જાય તો આત્મપ્રાપ્તિ થાય. રસ એક આત્માનો લાગે, બીજી મહિમા છૂટી જાય, તથા સંસાર મહિમાવંત નથી, પણ મહિમાવંત મારો આત્મા જ છે એવું અંતરમાંથી લાગે તો થાય. મૂળ પ્રયોજનભૂત આત્માના સ્વભાવને ઓળખે એટલે કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે એમ મૂળ પ્રયોજનભૂત સ્વરૂપ સમજે તો આત્મા પમાય. તેના પુરુષાર્થમાં ખામી છે, પણ અંદરની ખરી લગની લાગે તો વારે વારે પુરુષાર્થ કરે, વારંવાર પુરુષાર્થ થાય. સાચી રુચિ હોય તો વારે વારે પુરુષાર્થ થયા જ કરે. જો રુચિ મંદ પડે તો વારંવાર પુરુષાર્થ કરી ઉગ્ર કરે. લગની અંદરથી લાગવી જોઈએ. આત્માની લગની અંદરથી લાગે તેને ક્યાંય ચેન પડે નહિ.

મુમુક્ષુ:—લગની ઘણી લાગી છે પણ પુરુષાર્થ ઊપડતો નથી?

બહેનશ્રી:—લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ, અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી સ્પષ્ટતાથી બતાવી છે, પણ પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે, પણ તે પોતે કરતો નથી.

*

[તા. ૧૦-૧૧-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે:—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : 'શ્રી નાટક-સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## મહાવીર-નિર્વાણ-મહોત્સવ

શ્રી મહાવીર-નિર્વાણનો પંચાહ્નિક વાર્ષિક મંગલ ઉત્સવ (દીપાવલીનો મંગલ અવસર) તા. ૧૧-૧૧-૨૦૦૧ રવિવાર થી તા. ૧૫-૧૧-૨૦૦૧, ગુરુવાર—પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલવિધાનપૂજા' તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં સાનંદોલ્લાસ ઊજવવામાં આવશે; તથા નૂતન વર્ષનો 'સુપ્રભાત દિન' તા. ૧૬-૧૧-૨૦૦૧, શુક્રવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

★ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :**— કારતક સુદ-૮, શુક્રવાર, તા. ૨૩-૧૧-૨૦૦૧ થી કારતક સુદ-૧૫, શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૦૧—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સાનંદોલ્લાસ ઊજવવામાં આવશે.

★ **વિશેષ ધાર્મિક કાર્યક્રમ :**— આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના એકવીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક 'વિશેષ ધાર્મિક કાર્યક્રમ' તા. ૩-૧૨-૨૦૦૧, સોમવારથી તા. ૭-૧૨-૨૦૦૧, શુક્રવાર સુધી રાખવામાં આવેલ છે. આ 'ગુરુઉપકારસ્મૃતિ'નો અવસર આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની

ગુરુ-ભક્તિભીની ઉપસ્થિતિમાં વીતરાગ દેવગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી રાખવામાં આવેલ છે. વિશેષ વિવરણ આ અંકમાં અન્યત્ર વાંચો.

## અમદાવાદમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

જિનેન્દ્ર-અધ્યાત્મમાર્ગપ્રકાશક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી તથા આદર્શ આત્માર્થી પૂજ્ય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહની મંગળ આશિષથી ગુજરાત પ્રદેશની રાજધાની અમદાવાદ (ખાડિયા)ના શ્રી પાર્શ્વનાથ દિગંબર જિનમંદિરમાં નિર્માપિત શ્રી સીમંધરસ્વામી-સમવસરણ તથા વિદેહક્ષેત્રના ૨૦ તીર્થંકરોના વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું મંગલ આયોજન વિ. સં. ૨૦૫૮, માઘ વદ ૧, ગુરુવાર, તા. ૨૮-૨-૨૦૦૨ થી માઘ વદ ૯, ગુરુવાર, તા. ૭-૩-૨૦૦૨—આઠ દિવસનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

*

### પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે અધ્યાત્મતીર્થ સોનગઢમાં પાંચ દિવસનો

## ધાર્મિક કાર્યક્રમ

ભગવાન મહાવીર-કુંદકુંદ-અધ્યાત્મમાર્ગોદ્યોતક આપણા પરમ-તારણહાર પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો એકવીસમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૮, કારતક વદ-૭, શુક્રવાર, તા. ૭-૧૨-૨૦૦૧ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૩-૧૨-૨૦૦૧, સોમવારથી તા. ૭-૧૨-૨૦૦૧, શુક્રવાર—પાંચ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય-ભક્ત્યુપાસનાપ્રધાન ધાર્મિક કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠિ-મંડળવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ તથા ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, વિડિયો દ્વારા ગુરુદર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-ધર્મચર્ચા, વિદ્વત્શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય તથા ગુરુભક્તિનો લાભ લેવા માટે આ 'ધાર્મિક કાર્યક્રમ'ના સમયે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પધારવાનું સહૃદય આમંત્રણ છે.

*

### ❋ વિજયા દશમી : સમયસાર-ગુજરાતી અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિન ❋

પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાભીના મંગલ આદેશથી અને પૂજ્ય ભગવતી બહેનશ્રીની પ્રશસ્ત પ્રેરણાથી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પરમાગમ શ્રી સમયસારનો ગદ્યપદ્યાનુવાદ કરેલ. તેની પૂર્ણાહુતિ વિ. સં. ૧૯૯૬ની વિજયા દશમીના મંગલ દિને થઈ હતી. ગત વિજયા દશમી (તા. ૨૬-૧૦-૨૦૦૧)ના શુભ દિને પ્રાતઃ, ૯૪ વર્ષની વયે, આદરણીય પંડિતજીના શ્રીમુખે નીકળેલા મંગલ ઉદ્ગાર.

"આપણા સૌનું—આત્માનું કલ્યાણ થાય એ જ અંતરની ભાવના.

સમયસારનો જેને ખરેખરો પ્રેમ જાગે તે જરૂર આત્માને પામીને મોક્ષને પામે છે જ; તેથી સર્વ જીવોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે સમયસાર વાંચવું.

આત્મા સમાન સમયસાર શાસ્ત્ર એટલે મોક્ષને આપે એવું ઉત્તમ શાસ્ત્ર છે.

સમયસારમાં મોક્ષમાર્ગ બતાવવો છે. સમયસાર વસ્તુનું મૂળભૂત સ્વરૂપ બતાવે છે."

❋

### વૈરાગ્ય-સમાચાર :—

મૂળીનિવાસી (હાલ-ભાયંદર) શ્રી હસમુખરાય મલુકચંદ શાહ (વર્ષ-૬૮) તા. ૧૫-૯-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દિલ્હીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી જગજીવનદાસ હીરાચંદ જૈન (વર્ષ-૮૫) તા. ૨૧-૯-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી શ્રી ચીમનલાલ હેમચંદ વોરા (વર્ષ-૯૪) તા. ૯-૧૦-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી વાંકાનેર મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી તેમજ સેક્રેટરી શ્રી કિશોરભાઈ અમૃતલાલ શાહ (વર્ષ-૫૮) તા. ૯-૧૦-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી સુરેશભાઈ શીવલાલ દેસાઈની સુપુત્રી અ.સૌ. નેહાબેન (વર્ષ-૨૬) તા. ૧૦-૧૦-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને ધર્મની ઘણી રુચિ હતી, અવારનવાર સોનગઢ આવતા હતા તેમજ મિલનસાર સ્વભાવના હતા.

મુંબઈનિવાસી શ્રી રજનીકાન્ત પનાલાલભાઈ કોઠારી ઉ. વર્ષ-૬૭ શિકાગો અમેરિકા ખાતે અવસાન તા. ૬-૯-૨૦૦૧ના રોજ પામેલ છે. તે શ્રીમતિ ભારતીબેન કોઠારીના પતિ તથા શ્રી શાંતિભાઈ ઝવેરીના જમાઈ થાય.

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ પ્રભુ ! તું કોણ છો એની તને ખબર નથી. તારી પૂરી વાત સર્વજ્ઞ પણ વાણીમાં કહી શક્યા નથી એવો તું મહાન છો, પણ તું અનુભવ કરે તો તને જાણે એવો છો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દૃષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ. ૨૨૮.

❀ જિનવચનમાં શુદ્ધ દ્રવ્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવવસ્તુ તે જ મુખ્ય છે, તેથી તે જ ઉપાદેય છે. આવા ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યને મુખ્ય કરીને તેમાં જે પુરુષો રમે છે, પ્રચુર પ્રીતિ સહિત વારંવાર અભ્યાસ કરે છે, તે પુરુષો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માનો તુરત જ સ્વાનુભવ કરે છે, પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિને દેખે છે, અનુભવે છે અર્થાત્ તેમાં ક્રીડા કરે છે, રમે છે. ૨૨૯.

❀ શ્રોતા :—જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે ?

પૂજ્ય ગુરુદેવ :—જ્ઞાનીને શરીરની જેમ જ રાગાદિ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે. ૨૩૦.

❀ જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ–પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્માની જ છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્‌ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી. ૨૩૧.

*

## * કાર્ય થશે જ *

રુચિ થાય એને થાય જ....થાય જ....થાય....થાય....ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણ કાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ-હત્‌ઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ-નિઃશંકતા આવવી જોઈએ; કાર્ય થશે જ એમ થવું જોઈએ.

*—આશીર્વચનો; કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com

Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦